# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

RNI NO. GUJGUJ/2015/64872

MONTHLY NEWS PAPER

AHMEDABAD, FRIDAY, DECEMBER 20, 2019 | VOL.NO-5, ISSUE NO-3 | www.theopenpage.co.in | facebook.com/theopenpage | TOTAL PAGE - 8 | INVITATION PRICE: ₹20/-


## આ અંકમાં શું વાંચશો?




**નાહકનું જોખમ લેવું એ ખરી બહાદૂરી નથી, બીજાને બચાવવા એ જ ખરી બહાદૂરી છે'**

સરસ મજાનું ચોમાસુ જામ્યુ હતું. વાદળો આકાશમાં ગડગડાટ કરી રહ્યાં હતા, ધોધમાર વરસાદથી નદીઓમાં પાણી ભરાયા હતા. છત્તીસગઢ રાજ્ય એટલે પ્રકૃતિનો ખજાનો. **પેજ ૩**



**માજીએ પોતાની ચતુરાઇથી પોતાનો જીવ બચાવ્યો**

એક ગામમાં એક ઘરડા માજી એકલાં રહેતાં હતાં. એમને સંતાનમાં એક માત્ર દીકરી હતી જે પરણેલી હતી અને પાસેના ગામમાં રહેતી હતી. **પેજ ૪**



**વિદ્યારંભ સંસ્કારમાં શુભ મુહૂર્તમાં શિક્ષક બાળકને...**

બાળમિત્રો ગયા અંકમાં આપણે ભારતીય સંસ્કૃતિના ૧૬ સંસ્કારોમાંથી ૮ સંસ્કારોની માહિતી મેળવી હતી. **પેજ ૬**

**બાળક તમારી વાત સાંભળે તે માટે પહેલા તમારે બાળકને સાંભળતા...**



પેરેન્ટ્સ તથા બાળકો હંમેશા એકબીજાને સમજવાનો સંઘર્ષ કરતાં રહે છે. માતા પિતાની વારંવાર ફરિયાદ હોય છે કે બાળક તેમનું માનતું નથી કે સાંભળતું નથી **પેજ ૮**


# કેબ એ દેશના નાગરીકો માટે ક્યારેય નથી,

## આ બિલ ગેરકાયદેસર ભારતમાં ઘુંસતા લોકો પર અંકુશ લાવવા માટે છે



ફુલગુરૂ

**સિટીઝન એમેડમન્ટ એક્ટ વિશે બાળકોએ એટલા માટે જાણવું જરુરી છે કારણ કે તેઓ આવતીકાલના નાગરીક છે, ભવિષ્યમાં તેમના મનમાં થનારા પ્રશ્નોના જવાબ આજ સાથે જોડાયેલા છે**

બાળમિત્રો જ્યારે જ્યારે દેશમાં કોઇ સ્થિતી પર કાબુ મેળવવા માટે અથવા પરિસ્થિતી બદલવા માટે સંસદ દ્વારા તે સમગ્ર પ્રક્રિયા પર એક કાયદો બનાવવામાં આવે છે. આ કાયદો સમગ્ર દેશમાં લાગુ થાય છે. અત્યારે કંઇક એવા જ એક કાયદાને લઇને સમગ્ર દેશમાં ચર્ચા થઇ રહી છે. જે છે સિટીઝન એમેડમેન્ટ એક્ટ. એવું નથી કે આ કાયદો અત્યારે જ તૈયાર કરાયો છે. ભારતના બંધારણે સંસદ હક્ક આપ્યો છે કે તે જ પ્રમાણે કાયદાઓમાં સંશોધન કરી શકે છે. કારણ કે ઘણીવાર કાયદાઓ જે તે સમયે એ સમયની સ્થિતને ધ્યાને રાખીને તૈયાર કરાયો હોય છે. જ્યારે પરીસ્થિતીમાં ફેરફાર થાય ત્યારે તે કાયદામાં પણ ફેરફાર થવો જરૂરી છે. બસ, એવી જ રીતે નાગરીકતા અધિનિયમ-૧૯૫૫ના બિલમાં ફેરફાર કરવામાં આવ્યું છે. આ પહેલા ૨૦૧૬માં પણ સરકાર દ્વારા આ બિલને લોકસભામાંથી પાસ કરવામાં આવ્યું હતું. પરંતુ લોકસભા ભંગ થઇ જતા આ બિલ સમયને કારણે રદ્દ થઇ ગયું. તેમાં નવા સંશોધનો અમલમાં ન મુકાઇ શક્યા. ત્યારબાદ ફરીવાર એ જ પક્ષની સરકાર આવતા ફરીવાર આ બિલ પર ચર્ચા શરુ થઇ. વિરોધ પક્ષોએ આ બાબત પર ખુબ જ વિરોધ કર્યો. સંસદમાંથી આ બિલને પાસ કરી રાષ્ટ્રપતિની મંજુરી સાથે આ બિલને નિયમ તરીકે સ્થાન મળ્યું. ઘણા લોકોને પ્રશ્ન થાય કે સરકારને શા માટે અત્યારે આ બિલ લાવવાની જરૂર હતી. શા માટે શાંત પાણીમાં પથ્થર ફેંક્યો અને ભારતના ઘણા રાજ્યોમાં લોકોનો વિરોધનો સામનો કરવો પડ્યો. પરંતુ મિત્રો આપણે જાણી લઇએ કે જે રીતે અમેરીકા, કેનેડા કે બ્રિટનમાં ગેરકાયદેસર ઘુંસતા લોકોને ડર લાગે છે તેની સરખામણીમાં ભારતમાં બહારના લોકો બહુ આસાનીથી રહી શકતા હતા. જે ભારતના અર્થતંત્ર માટે સારી બાબત નથી.

આ બિલને એક કાલ્પનીક ઉદાહરણ સાથે સમજીએ, જેરામભાઇ વર્ષોથી પાકિસ્તાનમાં રહે છે. પરંતુ તેઓ આર્થિક રીતે વિકસીત થયા નહીં, કે તેઓ પોતાની ધાર્મિક માન્યતાઓ પણ પોતાની રીતે ઉજવણી કરી શકતા નહતા. ઘણીવાર લોકો તેમના ઘરે આવતા, મારતા તેમના ઘરના તેમના સંતાનો સાથે ખરાબ વ્યવહાર કરતા હતા. આ સ્થિતીમાં તેઓ ક્યાં જાય. તેમને એક દિવસ વિચાર આવે છે કે તેઓ પુરા પરીવાર




**બિલના પક્ષના મતો**

- સરકારનું કહેવું છે કે આ પ્રવાસીઓએ ભેદભાવ અને ધાર્મિક ઉત્પીડનનો સમાનો કર્યો છે.
- આ નિયમ ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશ વગેરે રાજ્યોમાં ભાગીને આવેલા લોકોને એક ઓળખ આપશે.
- બહારથી આવેલા આ ધર્મોના લોકોએ એક એપ્લીકેશન કરવાની રહેશે જેના આધારે તેમને દસ્તાવેજો મળશે.

**બિલના વિરોધમાં પક્ષ**

- લોકો કહે છે કે આ બિલમાં ધર્મ આધારીત ભેદભાવ કરવામાં આવ્યો છે.
- જો સંવિધાનના મુળ સંરચનાને હાની પંહોચાડે છે.
- લોકોનું માનવું છે કે વિદેશથી આવેલા દરેક લોકો પર સમાન રીતે કાયદો લાગુ કરવો જોઇએ.

સાથે ભારતમાં આવી જાય. પરંતુ જો તેઓ પકડાઇ જાય તો તેમણે બાકીની જીંદગી પાકિસ્તાની જેલમાં જ પસાર કરવાનો સમય આવે તેમ છતા પણ પોતાની આવનારી પેઢી શાંતીથી જીંદગી પસાર કરે તે માટે તેઓ એક રાત્રે બોર્ડર ક્રોસ કરીને ભારતમાં આવે છે. તેઓ દિલ્હીના એક વિસ્તારમાં રહે છે. પરંતુ તેમને રહેવા માટે કે નોકરી માટે કોઇ વ્યવસ્થા ઉભી થતી નથી. જે સ્થિતી તેમની પાકિસ્તાનમાં હતી તેવી જ સ્થિતી તેમની ભારતમાં હતી. જો તેમની પાસે કોઇ સરકારી દસ્તાવેજ આવે તો તેમને સરકારી યોજનાઓનો પણ લાભ મળે. પરંતુ તેમની પાસે કોઇ જ દસ્તાવેજો હતા નહીં. નાગરીકતા બિલ આવતા તેમને હવે દસ્તાવેજો મળશે અને ખાસ કરીને સરકારી ઓળખ મળશે. જેના આધારે તે પોતાની આવનારી પેઢીને બહું જ સારી રીતે વિકસીત કરી શકશે. આ બિલ આવવાથી ભારતમાં રહેલા મુસ્લીમ પરીવારોને કોઇ જ સમસ્યા ઉભી થવાની નથી કારણ કે આ બિલ માત્રને માત્ર ભારતમાં ગેરકાયદેસર ઘુંસી આવતા લોકો પર કંટ્રોલ કરવા માટે તૈયાર કરાયું છે. ભારતમાં ઘણા લોકો અત્યારે જુઠ્ઠાણુ ચલાવી રહી છે કે બિલ મુસ્લીમ વિરોધી છે, બિલ આવશે તો મુસ્લીમોને દેશ બહાર કાઢશે વગેરે વગેરે પરંતુ સૌથી પહેલા આ બિલને વાંચવાની જરુર છે. લોકોના ખોટા ખ્યાલો દુર કરવાની વાત છે. સરકારે પણ આ બાબતે પગલા લેવા જોઈએ. શહેરોમાં, ગામડાઓમાં અને વિવિધ પછાત વિસ્તારોમાં બિલને લઈને લોકોમાં જે જુઠ્ઠાણા ચાલી રહ્યાં છે તેના પર અંકુશ મુકવો જોઈએ.

### શું છે કેબ

જાન્યુઆરી ૨૦૧૯માં નાગરીકતા વિધેયક – ૨૦૧૬ લાવવામાં આવ્યું હતું, પરંતુ રાજ્યસભામાં પસાર થાય તે પહેલા જ લોકસભાને વિખેરવામાં આવી અને ચુંટણી જાહેર કરવામાં આવી. જેમાં બીજેપી બહુંમતી સાથે ફરી કેન્દ્રમાં આવી અને તેણે ફરી આ બિલને લોકસભા અને રાજ્યસભામાં પાસ કરવા માટેની તૈયારી કરી. સરકારની તૈયારી સાથે જ વિરોધ પક્ષોમાં વિરોધ શરુ થયો. આ નિયમ નાગરીકતા અધિનિયમ- ૧૦૫૫માં સંશોધન કરવામાં આવ્યું છે.

### વિધયક કે બિલના પ્રાવધાન

બિલમાં જણાવવામાં આવ્યું છે કે અફઘાનિસ્તાન, બાંગલાદેશ અને પાકિસ્તાનથી કોઇ દસ્તાવેજ સાથે ભારતમાં પ્રવેશ કરીને ભારતમાં આવેલા લોકોને ભારતની નાગરીકતા આપવામાં આવશે. આ દેશોમાં જે લોકો અલ્પસંખ્યક છે તેઓને આ બિલમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ બિલમાં મુસ્લીમ સિવાયના હિન્દુ, જૈન, પારસી, શીખ અને ઈસાઈઓનો સમાવેશ થાય છે. સ્વાભાવીક છે કે પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશમાં મુસ્લીમ સંખ્યા બહુંમતી છે જ્યારે અન્ય આ બધા જ ધર્મો અલ્પસંખ્યકોમાં આવે છે.

આ બિલ પ્રમાણે પહેલા બહારથી આવેલા લોકો માટે ૧૧ વર્ષ આ દેશમાં પહેલા હોવા જોઈએ. જેના આધારે નાગરીકતા મળતી હતી. પરંતુ આ બિલ અંતર્ગત તેને ઘટાડીને ૬ વર્ષ કરવામાં આવી છે. જેથી આ લોકો સરળતાથી ભારતની નાગરીકતા લઈ શકે છે.

## કુમકુમ વિદ્યાલય







કુમકુમ વિદ્યાલય મણિનગર ખાતે વિદ્યાર્થીઓને પોલિસ હેઠળની તાલિમ આપવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## માધવ વિદ્યા સંકુલમાં વેજીટેબલ ડેની ઉજવણી કરવામાં આવી હતી





માધવ વિદ્યા સંકુલમાં જુ.કે.જી. અને સિ.કે.જી. ના બાળકો માટે વેજીટેબલ ડે રાખવામાં આવ્યો હતો. જેમાં નાના નાના બાળકો અલગ અલગ જાતના શાકભાજી ધારણ કરીને આવ્યા હતા. શિક્ષક મિત્રો દ્વારા બાળકોને અલગ અલગ શાકભાજી વિશે જાણકારી આપવામાં આવી.

## શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં રમતોત્સવની ઉજવણી







શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં રમતોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓએ વિવિધ રમતો યોજવામાં આવી હતી. જેમાં શાળા દ્વારા વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ઈનામ તથા પ્રમાણપત્ર આપી તેમની આવડતને બીરદાવી તથા શાળા પરિવાર વતી અભિનંદન પાઠવ્યા હતા.

## ઉમા વિદ્યાલય નિકોલ દ્વારા પ્રકૃતિ શિબિરનું આયોજન





ઉમા વિદ્યાલય નિકોલ દ્વારા પ્રકૃતિ વિશે સભાનતા આવે તે માટે પ્રકૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓને વન્યજીવો વિવિધ વનસ્પતિઓ, વિવિધ પક્ષીઓ (બર્ડ વોચીંગ) ટ્રેકિંગ તેમજ અનેક પ્રકારની ઔષધીય વનસ્પતિઓની પણ ઓળખ કરાવવામાં આવી અને વિદ્યાર્થીઓ પ્રકૃતિની મજા માણી સાથે સાથે પ્રકૃતિનું જતન કરવાની પણ પ્રતિજ્ઞા લીધી.

## તેજસ શિક્ષણ સંકુલ બોપલ ખાતે પ્રોજેક્ટવર્ક પ્રદર્શન યોજાયો









તેજસ શિક્ષણ સંકુલ બોપલ ખાતે પ્રતિવર્ષ યોજાતું પ્રોજેક્ટવર્ક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનને ડી.ઈ.ઓ અમદાવાદ ગ્રામ્ય શ્રી આર. આર. વ્યાસ સાહેબ તથા શ્રીજી હોસ્પિટલ, બોપલના ડો. ચિરાગભાઈ શાહ હાજર રહ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારના ૩૦ પ્રોજેક્ટસ તૈયાર કરવામાં આવ્યા હતા.

**તમારી શાળામાં થતાં વિવિધ કાર્યક્રમોની માહિતી 'ધી ઓપન પેજ'માં પ્રસિદ્ધ કરવા માટે info@theopenpage.co.in પર મોકલવી.**

વૈધાનિક સૂચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.

# નાહકનું જોખમ લેવું એ ખરી બહાદૂરી નથી, બીજાને બચાવવા એ જ ખરી બહાદૂરી છે'



**રાજ ભાસ્કર**
સહ સંપાદક સાધના સાપ્તાહિક
કોલમિષ્ટ, દિવ્ય ભાસ્કર

સરસ મજાનું ચોમાસુ જામ્યુ હતું. વાદળો આકાશમાં ગડગડાટ કરી રહ્યાં હતા, ધોધમાર વરસાદથી નદીઓમાં પાણી ભરાયા હતા. છત્તીસગઢ રાજ્ય એટલે પ્રકૃતિનો ખજાનો. વરસાદે ચારે કોર લીલી હરિયાળી પાથરી દીધી હતી. ખેતરોમાં સર મજાના ઉભા પાક મહાલી રહ્યાં હતા. ઉંચાં ઉંચા પહાડો રોજ વરસાદમાં નહાઈને મોજ કરતાં હતા. પહાડો પર સરસ મજાના છોડવા અને વૃક્ષો પણ ઉગ્યા હતા. જંગલો પણ લીલાછમ્મ બનીને મહાલી રહ્યાં હતા.

છત્તીસગઢના રાયગઢ જિલ્લામાં એક નાનકડું ગામ આવેલું છે. એ ગામનું નામ સૂરજગઢ. પંખીના માળા જેવું સુંદર અને રળિયામણું. આ ગામમાં આનંદરામ સાહા નામના એક ખૂબ જ પ્રામાણિક વ્યક્તિ દીકરાઓ અને પત્ની સાથે રહેતા હતા.

આનંદરામના સૌથી મોટા પુત્રનું નામ હતું સર્વાનંદ સાહા. સર્વાનંદ ભણવામાં ખૂબ જ હોંશિયાર, બહાદૂર પણ ખરો અને પરોપકારી પણ એટલો જ. ગામથી થોડે જ દૂર આવેલી સરિયા હાઈસ્કુલમાં સર્વાનંદ બારમાં ધોરણમાં ભણે. ઉંમર અઢાર વર્ષ. રોજ સવારે ચાલીને સ્કુલે જાય અને ચાલીને જ પરત આવે. સાથે એક ભાઈબંધ અર્જુન પણ હોય. બંને ક્યારેક ભણવાની વાતો કરતાં કરતાં, તો ક્યારેક મસ્તી કરતાં કરતાં અપ-ડાઉન કરે.

૨૦૧૪ની ૬ઠ્ઠી તારીખ હતી. વહેલી સવારે સર્વાનંદ અને તેનો મિત્ર અર્જુન શાળાએ ગયા ત્યારે આછો આછો વરસાદ વરસી રહ્યો હતો. એક નાનકડી છત્રીમાં વરસાદથી બચતા, મસ્ત મજાની કેડી પર ચાલતા ચાલતા, શુદ્ધ હવાને શ્વાસમાં ભરતાં બંને શાળાએ પહોંચ્યા.

બપોરે છૂટ્યા ત્યારે વરસાદ ખૂબ હતો. બંને ચાલતા ચાલતા પોતાના ગામ તરફ આવી રહ્યાં હતા. વાદળો ગરજી રહ્યાં હતા. જાણે આભ ફાટી ગયુ હોય એમ ધોધમાર વરસાદ ખાબકી રહ્યો હતો. વીજળીના કડાકા અને ભડાકા થઈ રહ્યાં હતા. રસ્તા પરની અવર- જવર સાવ ઓછી થઈ ગઈ હતી. જેને જ્યાં જગ્યા મળી ત્યાં રોકાઈ ગયા હતા. વાહનો પણ બંધ કરી દેવામાં આવ્યા હતા.

સર્વાનંદના મિત્ર અર્જુને છત્રી પકડી રાખી હતી. થોડીવાર તો છત્રીએ વરસાદથી રક્ષણ આપ્યુ પણ પછી પવનનું જોર વધતા છત્રી કાગડો થઈને ઉડી ગઈ. બંને મિત્રો પલળવા લાગ્યા હતા. આસપાસમાં ક્યાંય ઉભુ રહેવાય એવી જગા પણ નહોતી. અર્જુન બોલ્યો, 'મને તો બહું જ બીક લાગે છે! અતિશય વરસાદ પુર લાવે અને વિનાશ વેરે. જો તો ખરો નદી કેવી ઉછાળા મારી રહી છે. આજે તો કંઈક લોકો ડૂબી જવાના. તું જલ્દી ચાલ. આપણે જટ ઘરે પહોંચી જઈએ.'

સર્વાનંદે કહ્યુ, 'સાચી વાત છે તારી. નદીમાં પૂર આવ્યુ છે. લોકોને કંઈ નુકસાન ના થાય એટલી જ અરજ.'

બંને પોત - પોતાની ઉંમર મુજબ વિચારો કરતાં કરતાં ચાલી રહ્યાં હતા. ગામ હવે થોડે જ દૂર હતું. પણ વરસાદ ઔર વધ્યો. ગામ સુધી જવા માટે એક પુલ પાર કરીને જવાનું હતું. બંને મિત્રો પુલના છેડે આવી પહોંચ્યા. પુલ પરથી પણ કેડ સમાણું માણી જઈ રહ્યું હતું.

પુલ પરથી વહી જતાં પાણીને જોઈને સર્વાનંદ અટકી ગયો. એણે મિત્રનો હાથ પકડી લીધો, 'દોસ્ત, પુલ પર બહું જ પાણી છે. આપણે જોખમ નથી લેવું. પાણી થોડુ ઓસરે પછી જ આ પુલ પાર કરીશું. કારણ કે પાણીનું જોર એટલું છે કે આપણે ચાલીને જઈશું તો એ આપણને નદીમાં ખેંચી લેશે.'

અર્જુન બોલ્યો, 'તારી વાત સાચી છે! આપણે અહીં જ ઉભા રહીએ.'

આમ વિચારી બંને મિત્રો એક ઝાડ પાસે ધોધમાર વરસાદમાં પલળતા ઉભા રહ્યાં. એ પ્રકૃતિના રૌદ્રરૂપને જોઈ રહ્યાં હતા. દરીયાના મોજા જેમ નદી ઉછળી રહી હતી. થોડીકવાર પસાર થઈ હશે ત્યાં જ સર્વાનંદ અને અર્જુને એક વ્યક્તિને બાઈક લઈને આવતો જોયો. એ પુલના સામેના છેડે હતો. એ થોડીવાર ઉભો રહ્યો. કંઈક વિચાર્યુ પછી બાઈકને પુલ પર આગળ વધારી.

સર્વાનંદ બોલ્યો, 'દોસ્ત, જો પેલો માણસ પુલ પરથી બાઈલ ચલાવવાનો પ્રયત્ન કરી રહ્યો છે. પુલ પર પાણી જ એટલું છે કે બાઈક ડૂબી જશે અને એના વહેણમાં એ માણસ તણાઈ જશે. આપણે એને રોકવો જોઈએ.'

'હા, બુમ માર અને રોક.' અર્જુન બોલ્યો.

સર્વાનંદે તરત જ બૂમ મારી, 'ઓ. મિત્ર જરા થોભો…. પાણી બહું છે. ડૂબી જશો. સાંભળો છો તમે મને?'

વરસાદની ઝડીને વિંધતો સર્વાનંદનો અવાજ સામેના છેડે પહોંચ્યો. પેલો યુવાન હજુ પુલ પર આવ્યો નહોતો. એણે સર્વાનંદનો અવાજ સાંભળ્યો એટલે ઉભો રહ્યો, 'હા, બોલ ભાઈ શું છે તારે?'

'પાણીનું જોર ખૂબ છે. તમે પુલ પાર કરવાનું જોખમ ના લેશો. નાહકના તણાઈ જશો.'

પેલો માણસ ખડખડાટ હસ્યો, 'અલ્યા, તું તો ડરપોક છે સાવ. આવા તો કંઈક પૂર અમે તરીને પાર કરી દીધા. તું તારુ કામ કર. હું તો નીડર છું. પુલ પાર કરીશ જ.'

આ રીતે સર્વાનંદની વાતની ઠકડી ઉડાડીને, એની કોઈ વાત માન્યા વિના એ યુવાન બાઈક લઈને પુલ પર ચાલવા લાગ્યો. બરાબર અધવચ્ચે આવ્યો ત્યાંજ બાઈક બંધ પડી ગયું. પાણીનું વહેણ એને નદી તરફ ધકેલવા લાગ્યુ. એનું જોર, એની ખોટી હિંમત હવે કંઈ કામ આવે તેવા નહોતા. એ રાડો પાડવા લાગ્યો, 'બચાવો.. બચાવો… મને કોઈ બચાવો. હું તણાઈ રહ્યો છું.'

સર્વાનંદ અને અર્જુન આ બધું જોઈ રહ્યા હતા. એમને ભારે દુઃખ થયું. પેલો યુવાન બુમો પાડતો રહ્યો. અચાનક એ બાઈક પરથી પડી ગયો. બાઈક તણાઈને સીધુ નદીમાં ખાબક્યુ અને એ યુવાન પણ નદીના ધસમસતા પ્રવાહમાં તણાવા લાગ્યો.

આ જોઈને સર્વાનંદે તરત જ પોતાના ખભે લટકાવેલું દફ્તર કાઢીને અર્જુનના હાથમાં આપ્યુ. અર્જુને આશ્ચર્યથી પૂછ્યુ, 'શું થયું? તું દફ્તર કેમ મને આપી રહ્યો છે?'

'પેલો યુવાન તણાઈ રહ્યો છે મારે એને બચાવવા જવું છે.'

'ગાંડો થયો છે કે શું ભાઈ? નદીમાં પૂર છે. પાણીની તાકાત બહું જ છે. તું એને તો તણાતો નહીં બચાવી શકે પણ તું પોતે પણ તણાઈ જઈશ.'

'ગમે તે થાય. કોઈ જીવતો માણસ આ રીતે ડૂબતો હોય અને આપણે કિનારે બેસીને જોયા કરીએ તો આપણી યુવાની લાજે. ભગવાન આપણાથી નારાજ થાય.'

'પણ હજુ હમણા તો તું પણ બીયાતો હતો. તેં જ કહ્યુ કે આવા પાણીમાં પુલ પાર કરવાનું જોખમ ના લેવાય અને હવે તું નદીમાં ઝંપલાવવાની વાત કરે છે!' અર્જુને એને થોડીવાર પહેલાંની વાત કરી, સર્વાનંદનો હાથ પકડી લીધો.



સર્વાનંદ બોલ્યો, 'ભાઈ, જોખમ ન જ લેવાય. સામે ચાલીને કોઈ આફતમાં ના પડાય. પણ જ્યારે કોઈ બીજા પર આફત આવી પડી હોય ત્યારે વિચાર ના કરાય. આપણે આપણી જાનનું જોખમ લઈને પણ એને બચાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. એવું આપણી સંસ્કૃતી કહે છે. મને જવા દે! છોડી દે મારો હાથ!'

'અરે, પણ એને આપણે રોક્યો હતો. ના પાડી હતી કે આ પાણીમાં બાઈક ચલાવવાનું જોખમ ના લે. પણ એ ના માન્યો. એણે હાથે કરીને પોતાનો જીવ જોખમમાં મૂક્યો છે.'

'એ બધો ઠપકો આપણે એને પછી આપીશું. અત્યારે તો આપણી પહેલી ફરજ એને બચાવવાની છે.' આટલું બોલીને સર્વાનંદે જોરથી ઝાટકો મારી મિત્રના હાથમાં પોતાનો હાથ છોડાવી લીધો અને એ ધસમસતા પૂર સામે દોડ્યો. એવું લાગતું હતું જાણે એ પુરના બધા જ પાણી પી જવા માંગતો હોય. પેલો યુવાન લાકડાની એક ડાળી પકડીને માંડ માંડ બચવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. પણ સર્વાનંદ ત્યાં પહોંચે એ પહેલાં જ એના હાથમાંથી ડાળી છૂટી ગઈ અને એ પાણીમાં તણાવા લાગ્યો. નદીના ધમસતા પૂર એને દૂર દૂર ખેંચીને લઈ જઈ રહ્યાં હતા. સર્વાનંદે એ નદીના પૂરમાં ઝંપલાવ્યુ. એ પણ પૂરમાં તરવા લાગ્યો. પુરના પાણી રાક્ષસ જેમ અને મારી નાંખવા માટે, ડૂબાડી દેવા માટે જોર કરી રહ્યાં હતા. પણ સર્વાનંદની છાતીમાં બીજાને બચાવવાનું જોમ હતું એ મજબુત હતું. એણે ખૂબ બહાદૂરીથી પૂરના પાણીને માત આપી અને પેલા યુવાને બચાવીને તાત્કાલિક કિનારે લઈ આવ્યો. દરમિયાન વરસાદ ઓછો થયો હતો. કિનારે અનેક લોકો ભેગા થઈ ગયા અને પેલા યુવાનને દવાખાને લઈ ગયા. જ્યારે સૂરજગઢમાં આ વાતની ખબર પડી ત્યારે ચારેકોર સર્વાનંદની વાહ વાહ થઈ ગઈ. ગામ લોકોએ તને ખૂબ અભિનંદ આપ્યા.

સર્વાનંદ એના પિતા સાથે હોસ્પીટલમાં પેલા યુવાનને મળવા ગયો. યુવાન ભાનમાં આવી ગયો હતો. એનું નામ હતું રાજેન્દ્ર ચૌહાણ. એણે બે હાથ જોડીને સર્વાનંદનો આભાર અને માફી માંગતા કહ્યુ, 'ભાઈ, મને માફ કરી દેજે. તેં મને ચેતવ્યો હતો પણ હું ચેત્યો નહીં. મેં તારુ અપમાન કર્યુ. પણ તેમ છતાં તે તારા જીવના જોખમે મારો જીવ બચાવ્યો. તારો આભાર માનું એટલો ઓછો છે. તે મને આજે નવી શીખ આપી છે કે, નાહકનું જોખમ લેવું એ ખરી બહાદૂરી નથી, બીજાને બચાવવા એ જ ખરી બહાદૂરી છે.'

સર્વાનંદે નાની ઉંમરમાં મોટી વાત કરતાં એને કહ્યુ, 'ભાઈ, આપને ખરેખર આભાર માનવો હોય તો આ રીતે મુશ્કેલમાં સપડાયેલા કોઈની મદદ કરજો. એ જ મારો આભાર.'

બે દિવસ પછી અર્જુન અને બીજા ગામના કેટલાંક લોકોએ સર્વાનંદને પૂછ્યુ, 'અલ્યા, તું તો બહું જ બહાદૂર છે. આ બધું કોણે શીખવાડ્યુ?'

સર્વાનંદે કહ્યુ, 'હું મારા પિતામાંથી બધું શીખ્યો છું. ગામમાં જ્યારે કોઈને કોઈ પણ આફત આવી પડે ત્યારે એ લોકો મારા પિતા પાસે આવે છે. અને મારા પિતા એમનાથી બનતી બધી જ મદદ કરીને લોકોની મુશ્કેલીઓ દૂર કરવાનો પ્રયત્ન કરે છે. એમણે મને કદી કશું જ કહ્યુ નથી પણ એમની કરણીમાંથી હું બીજાની મદદ કરવાના પાઠ શીખ્યો છું.'

સૌ સર્વાનંદને શાબ્બાશી અને અભિનંદ આપી છૂટા પડે છે.

સર્વાનંદની હિંમત માતા-પિતાની કરણીમાંથી પડેલાં સંસ્કારોમાંથી પ્રગટી હતી. એના આ સંસ્કારો અને હિંમતની કદર ભારત સરકાર પણ કરી. તારીખ ૨૬મી જાન્યુઆરી-૨૦૧૬ના રોજ સર્વાનંદને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે 'રાષ્ટ્રીય વિરતા પૂરસ્કાર' એનાયત કરીને એની બહાદૂરીનું સન્માન કરવામાં આવ્યુ. એ વખતે છત્તીસગઢમાં આવેલા એના ગામ સૂરજગઢમાં બીજો એક બહાદૂરીનો સૂરજ ઉગ્યો હોય એવું અજવાળુ પથરાયુ હતું.

## આપેલા ચિત્રમાં રંગ પૂરો




## આપેલા ચિત્રમાં ૭ તફાવત છે તે શોધો



## આપેલી ટોપીઓની ગણતરી કરી સાચી સંખ્યા લખો



## નંબર પ્રમાણે ટપકા જોડો



# માજીએ પોતાની ચતુરાઈથી પોતાનો જીવ બચાવ્યો




એક ગામમાં એક ઘરડા માજી એકલાં રહેતાં હતાં. એમને સંતાનમાં એક માત્ર દીકરી હતી જે પરણેલી હતી અને પાસેના ગામમાં રહેતી હતી. એક દિવસ માજીએ એની દીકરીને મળવા જવાનું નક્કી કર્યું. એ ગામમાં જવા માટે એક જંગલમાંથી પસાર થવું પડતું હતું. માજી જંગલમાંથી જઈ રહ્યાં હતાં ત્યારે એક સિંહ આવ્યો અને માજી ને કહેવા લાગ્યો કે એ ઘણો જ ભૂખ્યો છે એટલે તેને ખાઈ જશે. માજી ઘણા ચતુર હતા. તેમણે સિંહને મૂરખ બનાવવાનો રસ્તો વિચાર્યો. માજીએ સિંહને કહ્યું. હું તો ઘણી ઘરડી છું. ઘણી દૂબળી-પાતળી છું. તું મને ખાઇશ તો તને શું મળશે? પહેલાં મને મારી દીકરીને ઘરે જવાદે. સારું સારું ખાવા દે. તાજી - તંદુરસ્ત થવા દે. પછી મને ખાજે

સિંહે વિચાર્યું કે માજીની વાત સાચી છે. આવા દૂબળા-પાતળા માજીને અત્યારે ખાશે તો એને કશું નહિ મળે. માત્ર હાડકાં જ ખાવા મળશે. એના બદલે માજી દીકરીને ઘરે જઈ આવે પછી ખાય તો એને થોડાં લોહી-માંસ પણ મળશે. આમ વિચારીને સિંહે માજીને જવા દીધા.

રસ્તામાં માજીને વાઘ અને રીંછ પણ મળ્યા. એમણે આ જ યુક્તિ વાપરીને બંનેને મૂરખ બનાવ્યા.

# શિવ આશીષમાં જીલ્લા કાનૂની સેવા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

આપણા દેશનું સંવિધાન બંધારણના અમલીકરણને ૭૦ વર્ષ પૂરા થયા તેના માનમાં ધોરણ – ૯ ના બાળકો સાથે રેલીનું આયોજન કરી સંવિધાનના કાયદાના સૂત્રોચ્ચાર અને નારાથી બોપલ વિસ્તાર ગૂંજી ઊઠ્યો. બાળકોને પણ ભારતીય નાગરિકતાની ફરજો યાદ કરી બોપલની પ્રજાને ફરજો કાયદા યાદ કરાવ્યા.











# રોઝરી શાળામાં સ્થાપના દિવસ નિમિત્તે રમતોત્સવની ઉજવણી કરાઇ





રોઝરી શાળામાં સ્થાપના દિવસ નિમિત્તે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ અલગ અલગ હાઉસ દ્વારા પોતાની ખેલદીલી બતાવી હતી. જેમાં વિદ્યાર્થીઓ વચ્ચે કબડ્ડી અને વિદ્યાર્થિનીઓ વચ્ચે ખો-ખો ની રમત રમાડાઈ હતી. આ અંતર્ગત તમામ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવી તેમના ઉત્સાહમાં વધારો કર્યો હતો. અને સર્ટિફિકેટ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# સ્કુમ સ્કૂલમાં થયેલ વિવિધ કાર્યક્રમો





ડ્રાઈવ ઈન રોડ સ્થિત સ્કુમ સંચાલિત એસ.સી.પી. પ્રિ-પ્રાયમરી સ્કૂલમાં ભૂલકાઓએ સમાજ સેવકો, પર્યાવરણ જાગૃતિ, જળ એ જ જીવન, બેટી બચાઓ જેવા વિવિધ વિષયોને અનુરૂપ પાત્રોની વેશભૂષા પ્રદર્શિત કરી તેને લગતા સંવાદોની ખૂબ સુંદર રીતે રજૂઆત કરી.



ઇ-વેસ્ટ (બીન ઉપયોગી કમ્પ્યૂટરના પાર્ટસ, ચાર્જર, મોબાઈલ ફોન, સીડી વગેરે)થી પર્યાવરણને થતાં નુકશાનથી જાગૃત કરવા માટે પર્યાવર મિત્ર સંસ્થા દ્વારા સેમિનારનું આયોજન કરી વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું અને ‘ઈ-વેસ્ટ કલેકશન’નો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં સ્કુમ ગુજરાતી માધ્યમની શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓ એકત્રિત કરેલા આ ઇ-વેસ્ટ રીસાયકલીંગ યુનિટમાં મોકલવામાં આવ્યુ. પર્યાવરણ મિત્ર સંસ્થા તરફથી ભાગ લીધેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ભેટ આપવામાં આવી હતી.

# તેલ સંરક્ષણથી આરોગ્ય અને પર્યાવરણ બચાવો

આજના આ વિજ્ઞાન - વિસ્ફોટે પૃથ્વીને ફુટબોલ જેવડી બનાવી દીધી અને પેટ્રોલિયમ પેદાશે તેને ક્રિકેટના દડા જેવડી. એટલે કે કહેવાનો મતલબ એમ છે કે આજની આ ૨૧ મી સદીના વિજ્ઞાન યુગે ઘણી ઊંચી પ્રગતિ કરી છે. જેનાથી આજે આપણા દરેક કાર્યો સરળ બની ગયા છે. તેની પાછળનો મુખ્ય પદાર્થ પેટ્રોલિયમ જ રહેલો છે. કારણ કે આજના આ ઝડપી યુગમાં પેટ્રોલિયમ જ આપણને ચલાવી રહ્યું છે.

પેટ્રોલિયમનો અર્થ - 'પેટ્રો' એટલે 'પથ્થર' અને 'ઓલિયમ' એટલે 'તેલ' એટલે કે 'પથ્થરમાંથી મળતું તેલ' થાય છે. જે તેલને 'કાળા સોના' તરીકે પણ ઓળખવામાં આવે છે. પેટ્રોલિયમનું નિર્માણ એ મંદ પ્રક્રિયા છે. લાખો વર્ષો પહેલા જમીનમાં ડટાયેલા સજીવોના વિવિધ ભાગોનું વિઘટન થયું હતું. જેમાંથી સમયાન્તરે પ્રવાહી બળતણ 'પેટ્રોલિયમ' બન્યું હતું.

આપણા આદીમાનવ ગુફામાં રહેતા અને તેમણે અગ્નિ - ચક્ર - ખેતીની ક્રમશઃ શોધો કરી હતી. હવે તો વિજ્ઞાનના સહારે તેણે સર્વોચ્ચ શિખરો સર કર્યા છે. આજ સુધીમાં વિજ્ઞાને વિશ્વ સમક્ષ વિવિધ પ્રકારના શોધ-સંશોધનો કર્યા છે. તેમાંની એક ખૂબ જ મહત્વની શોધ એટલે પેટ્રોલિયમની શોધ. વિશ્વમાં સૌ પ્રથમ વખત ૨૭ ઓગસ્ટ, ૧૮૫૯ ના રોજ ટાઈટિસ વેલ, પેન્સિલવેનિયા (U.S.A.) પાસે એડવિન એલ ડ્રેક અને જ્યોર્જ બિસલ દ્વારા પેટ્રોલિયમની શોધ કરવામાં આવી. પેટ્રોલિયમની શોધ થયા બાદ વિશ્વમાં ઉદ્યોગ ક્ષેત્રે એક વિરાટ ક્રાંતિ આવી.



વાછાણી અંશ
ધોરણ : ૯
શિવ આશિષ સ્કૂલ

વિશ્વમાં પેટ્રોલિયમની શોધ થયા બાદ વિશ્વમાં વિવિધ દેશોમાં તેલના કૂવાનું ખોદકામ શરૂ કરવામાં આવ્યું. ઈ.સ.૧૮૬૭ માં ભારત પર અંગ્રેજોનું શાસન હતું. તે સમયે 'આસામ એન્ડ ટ્રેડિંગ કંપની' દ્વારા આસામના દિબ્રુગઢ શહેરમાં એક રેલવે લાઈનનું કામ શરૂ થયું હતું. ત્યારે કંપનીના એક બ્રિટિશ ઈજનેરે હાથીના પગમાં રહેલા કાદવમાંથી તેમણે તેલની ગંધનો અનુભવ કર્યો. ત્યારબાદ તેમણે તે જગ્યા પર ખોદકામ કરવાની શરૂઆત કરાવી સમય જતાં તેમણે અહિં તેલ મળી આવ્યું હતું. આમ, સમગ્ર એશિયામાંથી સૌ પ્રથમ વખત પેટ્રોલિયમ એ ભારતમાં આવેલા આસામના દિબ્રુગઢ જિલ્લામાંથી મળી આવ્યું હતું અને સમગ્ર દુનિયામાં સૌ પ્રથમ વખત ટાઈટિસવેલ, પેન્સિલવેનિયા (U.S.A.) માંથી મળી આવ્યું હતું.

આજનો આ માનવી ચંદ્ર પર ચાલતો અને મંગળ પર મહાલતો થયો છે તે વિરાટ કદમ પાછળ પેટ્રોલિયમ રહેલું છે. બળતણ તરીકે પેટ્રોલિયમ એ આપણા દૈનિક જીવનનો એક અભિન્ન ભાગ છે. આજ-કાલ વિશ્વમાં તમામ સ્થળોએ વિવિધ પ્રકારની ઊર્જા પૂરી પાડવા માટે પેટ્રોલિયમ એ એક મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

આજે આપણે સૌ કોઈ લોકો જાણીએ છીએ કે પેટ્રોલિયમના કારણે જ આજે આ દુનિયા આટલી પ્રગતિશીલ થઈ શકી છે. પરંતુ વર્ષોથી પેટ્રોલિયમ પદાર્થના ઉત્પાદનના કારણે પર્યાવરણીય આડ અસરોની ચિંતા પણ વધતી જાય છે. આજની આ દુનિયામાં પેટ્રોલિયમની ઝેરી અસરને કારણે માનવ પ્રદૂષણ, એસિડ વરસાદ, માનવીઓમાં કેન્સર તેમજ અન્ય બિમારીઓ વિકસિત થઈ રહી છે. પેટ્રોલિયમનું દહન એ આપણા ઓઝોન સ્તરને ખૂબ જ વધુ પ્રમાણમાં નુકસાન પહોંચાડે છે. પેટ્રોલિયમ એ વિવિધ ઘટકોનું જટીલ મિશ્રણ છે. વિવિધ તેલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોમાં ઘણી બધી ઝેરી વિવિધતા જોવા મળે છે. દરિયામાં રહેલું તેલ એ દરિયાઈ જીવો માટે ખૂબ જ વધુ ઘાતકી છે.

પેટ્રોલિયમ પેદાશ એ ધરતીમાતાની પુનિત પ્રેમાળ પ્રસન્ન પ્રસાદી છે. તેનો સર્વાધિક સદુપયોગ એ અનિવાર્ય રીતે આવશ્યક રહેલો છે. માનવીઓને મળેલા આ ધરતીમાતાના વિશિષ્ટ આશીર્વાદ છે, વિશિષ્ટ વરદાન છે. ધરતીમાતાની આ અમુલ્ય પ્રસાદીનો ઉપયોગ આજે માનવીઓએ એવી રીતે કર્યો છે કે જેને નજીકના ભવિષ્યમાં બચાવવામાં ન આવે તો આ સમગ્ર વિશ્વમાં ચારેય બાજુ અંધકાર જ રહેલો છે.

આજે તમામ લોકોને એક પ્રશ્ન મુંઝવતો હોય છે કે, "ભવિષ્યમાં પેટ્રોલિયમ નહિ હોય તો માનવીઓનું શું થશે ?" આ સમગ્ર જગત કઈ રીતે ચાલશે ? પરંતુ તેનો એક માત્ર જવાબ એ જ છે કે આ સમગ્ર વિશ્વ એ પેટ્રોલિયમ વગર ચાલે તેમ જ નથી. તેના વિના આ હરિયાળી પૃથ્વીની કોઈ કલ્પના જ થઈ શકતી નથી. જો વિશ્વમાં પેટ્રોલિયમનો આ અમૂલ્ય જથ્થો ખૂટી જશે તો સમગ્ર વિશ્વ ધીમે - ધીમે અંધારામાં જશે, શેરીઓ સૂમસામ થઈ જશે, વિદ્યુત ઉપકરણોનો ઉપયોગ ખૂબ જ ઓછો થઈ જશે, વીજળી પેદા કરવાની સમસ્યા ગંભીર બનશે, સુખ-શાંતિ અને વૈભવી જોગવાઈઓ માટેના સાધનો પણ અશક્ય હશે, સરળ કાર્યો કરવા માટે પણ વધુ સમય લાગશે. શેરીઓમાં કોઈ પણ લોકો વાહનો નહિ ચલાવે, પરિવહન અને ખોરાક સંગ્રહમાં મુશ્કેલી ઊભી થશે, વિશ્વના લોકો ભૂખમરા અને કુપોષણને લીધે મૃત્યુ પામશે, માનવ પ્રવૃત્તિઓ ઘટવા લાગશે, વિશ્વના તમામ દેશોનું લશ્કરી કાર્ય બંધ થશે. આમ, પેટ્રોલિયમ ન બચાવવાથી આવી ઘણી બધી પરિસ્થિતિઓ સર્જાઈ શકે છે.

# સ્કૂમ સ્કૂલ અને IMCTF એફ દ્વારા પરમવીર ચક્ર વિજેતાઓને પુષ્પાંજલિ અર્પણ કરાઇ

Good morning everyone માનનીય આચાર્ય શ્રી અમી મેમ ઈન્ચાર્જ આચાર્યશ્રી ગીતા મેમ શિક્ષકગણ અને મારા વ્હાલા વિદ્યાર્થી મિત્રો હું તમને આજે પરમવીરચક્ર વિષે જણાવીશ. પરમવીરચક્ર એ ભારતનો સર્વોચ્ચ સેના ચંદ્રક પુરસ્કાર છે. આ ચંદ્રક દુશ્મનો સામે અભૂતપૂર્વ શૌર્ય પ્રદર્શન અને દેશ માટે બલિદાનની ભાવના બદલ આપવામાં આવે છે. આ ચંદ્રક બ્રિટીશ વિકટોરીયા કોસ, યુ.એસ. મેડલ ઓફ ઓનર કે ફ્રેન્ચ લીજન ઓફ ઓનર જેવા દુનિયાનાં શ્રેષ્ઠ સન્માનોની સમકક્ષ ગણાય છે. આ સન્માન મરણોપરાંત પણ આપવામાં આવે છે.

આ પદકની રચના ૨૬ જાન્યુઆરી ૧૯૫૦નાં રોજ ભારતનાં રાષ્ટ્રપતિ શ્રી દ્વારા કરવામાં આવેલ જેનો અમલ ૧૫ ઓગષ્ટ ૧૯૪૭થી ગણવાનું કરાવવામાં આવેલ છે. આ એવોર્ડ સેનાની ત્રણે પાંખનાં જવાનો અને અધિકારીઓને એનાયત કરવામાં આવે છે. આ ખિતાબ ભારત સરકારનાં ભારત રત્ન પછીનો દ્રિતીય ક્રમનો ગણાય છે. જે આઝાદી પૂર્વના બ્રિટીશ વિકટોરીયા કોસનું સ્થાન લે છે.

આ એવોર્ડની સાથે લેફટનેન્ટ અથવા તેની સમકક્ષથી નીચેની પદવી ધરાવનાર જવાનને કે તેમના વારસદારોને રોકડ પુરસ્કાર આપવામાં આવે છે. તે ઉપરાંત ઘણાં રાજ્યો પોતાના તરફથી પણ વિવિધ રોકડ પુરસ્કાર કે પેન્શન પણ આપે છે.

## પરમવીર ચક્રની રચના

પરમવીરચક્રની ડીઝાઈન શ્રીમતિ સાવિત્રીબાઈ ખાનોલકર નામની મહિલાએ બનાવેલ છે અને તે મુળ 'સ્વિસ' હતાં. પરંતુ, ભારતીય નાગરીક સૈન્યના અધિકારી 'કેપ્ટન વિક્રમ ખાનોલકર' સાથે લગ્ન બાદ પુરા ભારતીય બની ગયાં હતાં. તેમણે લગ્ન પછી પટણા યુનિવર્સિટીમાં હિન્દી અને સંસ્કૃતનો તથા ઉપનિષદ અને વૈદાંતનો અભ્યાસ કર્યો.

આઝાદી પછી ભારતનાં પ્રથમ વડાપ્રધાન શ્રી પંડિત જવાહરલાલ નહેરૂની ઈચ્છા મુજબ સૈન્યના મદદનીશ સેનાપતિ મેજર જનરલ હિરાલાલ અટલે શ્રીમતિ સાવિત્રી ખાનોલકરની લાયકાત ઓળખી અને તેમને પરમવીરચક્રની ડીઝાઈન બનાવવાનું કામ સોપ્યું, જે તેઓએ બખુબી નિભાવ્યું.

આ ગોળાકાર ૩.૫ સે.મી.નાં કાંસાના બનેલ મેડલની વચ્ચોવચ્ચ ભારતની રાજમુદ્રા અને ચારે બાજુ ઈન્દ્રનું અમોઘ શસ્ત્ર વ્રજ છે. મેડલની પાછલી બાજુ પર ફરતી કિનારીએ હિન્દી અને અંગ્રેજી ભાષામાં 'પરમવીરચક્ર' લખેલ છે.

આ મેડલને ૩.૨ સે.મી. પહોળી જાંબલી રંગની રિબિનમાં લટકાવવામાં આવે છે.

આ ચક્રની રચના વખતે દધીચી ૠષીને આદર્શ તરીકે રાખવામાં આવેલ હતાં. જેમણે દેવરાજ ઈન્દ્રને વૃત્રાસુર નામના અસુરનો વધ કરવા માટે વ્રજ જેવું અમોઘ શસ્ત્ર બનાવવા પોતાના દેહનું બલિદાન આપી પોતાના અસ્થિ ઈન્દ્રને આપ્યાં. બીજાને જીવનદાન મળે તે માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું. આમ આ પુરસ્કાર દેશ અને સમાજ માટે ઉચ્ચત્તમ 'વીરતા', 'ત્યાગ', 'સમર્પણ' અને 'બલિદાન' ની ભાવનાનું પ્રતિક છે.

એક યોગાનુયોગ એ છે કે દેશનાં પ્રથમ પરવીરચક્ર પ્રાપ્ત કરનાર વીર સપૂત મેજર સોમનાથ શર્મા, સાવિત્રી ખાનોલકરના જમાઈના ભાઈ હતાં.

**પટેલ વિશ્વા ગોપાલભાઈ**
**ધોરણ ૧૧ કોમર્સ**













# વિદ્યારંભ સંસ્કારમાં શુભ મુહૂર્તમાં શિક્ષક બાળકને સ્લેટ, કાગળ કે બોર્ડ પર ઓમ અને સ્વસ્તિકની સાથે અક્ષરારંભ કરાવે છે

























**ભારતીય સોળ સંસ્કારોમાંથી આજે આપણે વધુ થી ૧૬ સંસ્કારોની માહિતી મેળવીશું**

બાળમિત્રો ગયા અંકમાં આપણે ભારતીય સંસ્કૃતિના ૧૬ સંસ્કારોમાંથી ૮ સંસ્કારોની માહિતી મેળવી હતી. આ અંકમાં આપણે વધુ ૮થી ૧૬ સંકારની માહિતી મેળવીશું. આ સંસ્કારોમાં કર્ણવિધ સંસ્કાર, વિદ્યારંભ સંસ્કાર, ઉપનયન સંસ્કાર, વેદારંભ સંસ્કાર, કેશાન્ત સંસ્કાર, સમાવર્તન સંસ્કાર, વિવાહ સંસ્કાર, અને છેલ્લા સંસ્કાર તરીકે અંતેષ્ઠી સંસ્કારનો સમવેશ કરાયો છે. હવે જોઈએ આગળના સંસ્કારો.

## કર્ણવેધ સંસ્કાર

કર્ણવિધ સંસ્કારમાં બાળકના કાન, બાલિકાના કાન અને નાકનું છેદન કરવામાં આવે છે. આ સંસ્કારમાં સોનીને પોતાના ઘરે બાલાવીને સોનાની અથવા ચાંદીની સળીથી કાનનું છેદન કરવામાં આવે છે. જેમાં બાળકનો પ્રથમ જમણો કાન અને બાલિકાનો પ્રથમ ડાબો કાન વીંધવામાં આવે છે. કર્ણવિધ સંસ્કાર ક્યારે કરવો તે માટે વિવિધ મતો છે. જન્મથી ત્રીજા, પાંચમા, છઠ્ઠા માસે કરવાનું વિધાન છે. છઠ્ઠા માસથી સોળમાં માસ સુધીમાં કુળક્રમ પ્રમાણે કરવાની પરંપરા પણ છે. પરંતુ સાર્વત્રિક મત એવો છે કે પોતાની કુળ પરંપરા અનુસાર જે તે માસે શુભ દિવસે મધ્યાહ્વન પહેલા શિશુને પૂર્વ દિશામાં મોં આવે તે રીતે બેસાડીને આ સંસ્કાર કરવો. આયુર્વેદમાં કર્ણવિધ સંસ્કારનું મહત્વ વર્ણિત છે કે જેનાથી બાળક ઘણા રોગોથી મુક્ત રહે છે. અને તે ઝડપથી વિકસિત થાય છે.

## વિદ્યારંભ સંસ્કાર

પાંચ વર્ષની ઉંમરના બાળકને વર્ણમાળાના અક્ષરોનું જ્ઞાન આપવાનો પ્રારંભ વિદ્યારંભ સંસ્કાર દ્વારા કરવામાં આવે છે. વિદ્યારંભ સંસ્કારને વિભિન્ન ધર્મશાસ્ત્રોમાં અક્ષરારંભ, અક્ષરસ્વીકરણ, અક્ષરલેખન, અક્ષરાવિષ્કરણ વગેરે નામથી પણ આળખવામાં આવે છે. શુભ મુહૂર્તમાં શિક્ષક બાળકને સ્લેટ, કાગળ કે બોર્ડ પર ઓમ અને સ્વસ્તિકની સાથે વર્ણમાળા લખી અક્ષરારંભ કરાવે છે. આ સમયે ગણપતિ તથા સરસ્વતીનું પૂજન પણ કરવામાં આવે છે. વિદ્યારંભ સંસ્કારના શુભારંભ માટે સૌથી ઉત્તમ દિવસ વસંત પંચમી અર્થાત મહા સુદ પાંચમ છે. વસંત પંચમી વિદ્યા અને સંગીતની દેવી સરસ્વતીનો પ્રાગટ્ય દિન છે. લગભગ સમગ્ર ભારતમાં આ દિવસે સરસ્વતીનું પૂજન થાય છે. આમ તો દરેક મહિનાની સુદ પાંચમને જ્ઞાન પંચમી કહેવાય છે. તેથી સુદ પાંચમે વિદ્યારંભ સંસ્કાર કરી શકાય. એ જ રીતે કારતક મહિનાની સુદ પાંચમ એ લાભ પાંચમ હોઈ તે જ્ઞાન લાભ પાંચમે પણ વિદ્યારંભ સંસ્કાર કરી શકાય.

## ઉપનયન સંસ્કાર

'ઉપનયન' શબ્દ સંસ્કૃત ધાતુ 'ઉપ ની' નજીક લઈ જવું, દોરી જવું પરથી બન્યો છે. એનો શાબ્દિક અર્થે વિદ્યાર્થીને ગુરૂ પાસે એના શિક્ષણ માટે લઈ જવો. તે છે. હિન્દુ ધર્મમાં ઉપનયન સંસ્કારનું સર્વાધિક મહત્વ છે. આ સંસ્કાર સંપન થતાં બાળક દ્રિજ કહેવાતો. આ સંસ્કારથી બાળકના અનિયમીત, અનુત્તરદાયી જીવનની સમાપ્તિ થતી અને તેના નિયમીત, ગંભીર તેમજ અનુશાસિત જીવનનો પ્રારંભ થતો. આ સંસ્કાર બાળકના ગર્ભથી આઠમા અને બારમા વર્ષમાં ઉપવીત (યજ્ઞોપવિત) થવો જોઈએ. આ પ્રસંગે બાળકને યજ્ઞોપવિત (જનોઈ) ધારણ કરતો હતો. જે ત્રણે વર્ણો માટે ક્રમશઃ કપાસ, શણ અને ઉનની બનાવવામાં આવતી. બાળક મુંજની બનાવેલી મેંખલા (કટિસૂત્ર, કંદોરો) પણ બાંધતો આ સંસ્કાર ખૂબ પ્રાચીન સંસ્કાર છે. ઋગ્વેદમાં પણ તેનો ઉલ્લેખ છે. બાળકનું ઉપનયન થયા પછી જ તેના વિધ્યાધ્યનનો પ્રારંભ કરવામાં આવતો.

## વેદારંભ સંસ્કાર

વેદારંભ સંસ્કારને ઉત્તરકાલીન સંસ્કાર માનવામાં આવે છે. તેનો સૌ પ્રથમ ઉલ્લેખ વ્યાસ સ્મૃતિમાં છે. તેમાં ઉપનયન અને વેદારંભ વચ્ચેનો ભેદ પણ દર્શાવવામાં આવેલો છે. વિદ્યાર્થી યજ્ઞોપવિત ધારણ કર્યા પછી વૈદિક સ્વાધ્યાય શરૂ કરતો ત્યારે આ વેદારંભ સંસ્કાર કરવામાં આવતો. બાળક વેદાભ્યાસ માટે ગુરૂના ઘરે જતો. ત્યાં કોઈ એક શુભ દિવસે ગુરૂ વિદ્યાથીને ગાયત્રી મંત્રથી વૈદિક સ્વાધ્યાયનો આરંભ કરાવતા. ત્રણેય વર્ણો માટે વેદાધ્યયનને મહત્વપૂર્ણ કર્તવ્યની સાથે વૈદિક યજ્ઞ માટે આવશ્યક ગણવામાં આવતું હતું. વેદાધ્યન કરાવનાર આચાર્ય બ્રાહ્મણ પણ વાદમાં એક નિષ્ઠ, ધર્મજ્ઞ, કુલીન, શુચી, પોતાની વેદશાખામાં પ્રવીણ અને અપ્રમાદી હોય તે જરૂરી મનાતું. વેદાધ્યયન એ કાંઠોપકંઠ પરંપરા પ્રમાણે કરાવવામાં આવતું હતું.

## કેશાન્ત સંસ્કાર

વેદાંધ્યયન પૂર્ણ થયા પછી બ્રહ્મચારી વિદ્યાર્થીની દાઢી અને મૂછનું ક્ષૌર (મુંડન) કરાવવાની ક્રિયા એ કેશાન્ત સંસ્કાર છે. આ સંસ્કાર વિદ્યાર્થીના સોળમાં વર્ષમાં સંપન્ન કરવામાં આવતો હતો. દાઢી અને મૂછોનું આવવું એ તરૂણાવસ્થાનું લક્ષણ છે. તેથી આ સંસ્કાર વખતે યુવા વ્યક્તિને બ્રહ્મચર્ય અને સદાચરણનું સ્મરણ કરવામાં આવતું. દાઢી મૂછનું ક્ષૌરકર્મ કર્યા પછી વિદ્યાર્થીએ એક વર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કરી કઠોર સંયમિત જીવન જીવવાનું રહેતું આ કેશાન્ત સંસ્કારને ગોદાન સંસ્કાર પણ કહેવામાં આવે છે. કારણકે આ સંસ્કાર વખતે બ્રાહ્મણ આચાર્યને ગાયનું દાન કરવામાં આવતું હોવાથી આ સંસ્કારને ગૌદાન સંસ્કાર તરીકે પણ ઓળખવામાં આવે છે.

## સમાવર્તન સંસ્કાર

'સમાવર્તન' એટલે વૈદાધ્યયન પછી ગુરૂકુળથી ઘર તરફ પાછા ફરવું તે. આ સંસ્કાર બ્રહ્મચર્ય સમાપ્ત થાય તે સમયે કરવામાં આવતો. તે વિદ્યાર્થી જીવનના અંતનો સૂચક હતો. સમાવર્તન સંસ્કારને સ્નાન સંસ્કાર પણ કહેવામાં આવે છે. કારણકે સ્નાન એ આ સંસ્કારનું મહત્વપૂર્ણ અંગ છે. બ્રહ્મચર્ય વ્રતના અંતમાં બ્રહ્મચારી (વિદ્યાર્થી) એ સ્નાન કરવું આવશ્યક હતું. આમ તો બ્રહ્મચારી રોજ સવારે સ્નાન કરતો પરંતુ ઓ સૂચક સ્નાન દ્વારા વ્રત નિયમોના બંધનમાંથી મુક્ત થતો. તેથી ઓ સ્નાન તેનું મહત્વનું ગણાતું. જે બ્રહ્મચારી અવસ્થાનું અંતિમ અને ગૃહસ્થ અવસ્થાનું પ્રથમ સ્નાન ગણાતું. સમાવર્તન સંસ્કાર ગુરૂની અનુમતી પછી જ કરવામાં આવતો. આ પ્રસંગે શિષ્ય ગુરૂની અનુમતી માટે પ્રાર્થના કરતો અને ગુરૂને ગુરૂદક્ષિણા આપી સંતુષ્ટ કરતો. આ સમયે સ્નાતક ગુરૂના આશીર્વાદ લઈ પોતાના ઘરે પાછો કરી ગૃહસ્થાશ્રમમાં પાછો ફરતો.

## વિવાહ સંસ્કાર

વિવાહ શબ્દ વિ વહ (લઈ જવું) ધાતુ પરથી બન્યો છે. એનો શાબ્દિક અર્થ પત્નિ સ્વીકાર અથવા એ માટેની પ્રવૃત્તિ એવો થાય છે. વ્યાપક અર્થમાં એ પુરૂષના તેમજ સ્ત્રીના લગ્ન માટે વપરાય છે. તદિદં વિપર્યાસિન સંબંધ વિવાહમ્ અર્થાત એકબીજાથી વિરૂદ્ધ સ્વભાવની બે મૂળભૂત શક્તિઓનો વિશ્વકલ્યાણના ઉદેશથી પરસ્પર સંબંધ સ્થાપિત કરવો એ વિવાહ છે. વિવાહ સંસ્કારથી સ્ત્રી અને પુરૂષ બંને લગ્નગ્રંથિથી એકબીજા સાથે જોડાય છે. વિવાહ માટે ઉદ્રાહ, પરિણય કે પરિણયન, ઉપયમ, પાણિગ્રહણ વગેરે શબ્દો પણ પ્રયોજાય છે. વિવાહ સંસ્કાર એ એવો સંસ્કાર છે કે જેનાથી સામાજિક ગુણોનો વિકાસ તથા શારીરિક આવશ્યકતાઓની પૂર્તિ થાય છે. વિવાહ સંસ્કારને બધા સંસ્કારોમાં ગૌરવશાળી અને મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આનાથી મનુષ્ય ગૃહસ્થાશ્રમનો પ્રારંભ કરે છે. ધર્મશાસ્ત્રો પ્રમાણે વિવાહ માત્ર લૌકિક નહીં પરંતુ આધ્યાત્મિક સંબંધ છે. વ્યવહારમાં પણ અધિકાંશ ધાર્મિક પત્નિ સાથે મળીને જ કરવાના હોય છે. પતિ અને પત્નિ બંને અર્ધાંગ છે અને વિવાહના માધ્યમથી બંને મળીને પૂર્ણાંગ બને છે. એમાં મારા તારાનો ભેદ રહેતો નથી. વિવાહ સંસ્કાર માટે સ્ત્રીની ઉંમર ૧૮ અને પુરૂષની ઉંમર ૨૧ ને યોગ્ય ગણવામાં આવે છે.

## અંત્યેષ્ટિ સંસ્કાર

મરણ પછીની આ છેલ્લી ક્રિયાને અંત્ય ઈષ્ટિ (છેલ્લો યજ્ઞ) કહે છે. અંત્યેષ્ટિએ માનવજીવનનો અંતિમ સંસ્કાર છે. જે માનવના મૃત્યુ બાદ પરલોકમાં ભાવી સુખ તથા કલ્યાણ માટે કરવામાં આવે છે. આ સંસ્કારમાં અગ્નિદાહ આપતા કેટલીક ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવતી હતી. જે આજે પણ કરવામાં આવે છે. વાંસની અર્થી ઉપર શબની સાથે શબ યાત્રા કાઢવામાં આવે છે. તેની સાથે સગા-સંબંધી જોડાય છે. સૌથી મોટો પુત્ર આગળ રહે છે. સ્મશાનમાં પહોંચ્યા બાદ ચિતાને આગ લગાડવામાં આવે છે. શબ બળી રહ્યા બાદ સ્મશાનમાં ગયેલા લોકો પાણીમાં સ્નાન કરી ઘરે પાછા ફરે છે. અંત્યેષ્ટિમાં શબની અંતિમ ક્રિયા વિવિધ જ્ઞાતિ સમૂહોંમાં સામાજિક પરંપરા મુજબ મુખ્યત્વે ત્રણ રીતે કરવામાં આવે છે.

મોટા ભાગના પેરેન્ટ્સની ફરિયાદ હોય છે કે બાળક માતા પિતાની વાત માનતું નથી

# બાળક તમારી વાત સાંભળે તે માટે પહેલા તમારે બાળકને સાંભળતા શીખવું પડશે



ડો. ટ્વીન્કલ પટેલ
એમ.ડી. મધરહુડ હોસ્પિટલ - ફાઉન્ડર મધરહુડ ફાઉન્ડેશન

પેરેન્ટ્સ તથા બાળકો હંમેશા એકબીજાને સમજવાનો સંઘર્ષ કરતાં રહે છે. માતા પિતાની વારંવાર ફરિયાદ હોય છે કે બાળક તેમનું માનતું નથી કે સાંભળતું નથી અને જો નાનાં બાળકોની વાત કરીએ તો ખાવા પીવામાં, સ્કૂલે જવામાં, રોજિંદા કાર્યોમાં, ભણવામાં કે ઘણી ખરી બાબતોમાં માતા પિતાનું સાંભળતા નથી હોતાં. તેમાંય આજ કાલ મોબાઈલ, ટીવી, વિડીયો ગેમ, કમ્પ્યુટર વગેરે જેવા ગેજેટનો ઉપયોગ ઘણો જ વધી ગયો છે. બાળકો તેમનો મોટા ભાગનો સમય આ બધાં પાછળ પસાર કરે છે. પેરન્ટ્સ માટે આ એક ગંભીર સમસ્યા બની ગઈ છે. દરેક પેરન્ટ્સ પોતાનાં બાળકનાં સ્વાસ્થ્ય, કેરિયર તથા તેમને એક સફળ વ્યક્તિ બનાવવા માંગતા હોય છે. બાળકોનાં ભવિષ્યને લઈને સતત વિચારતાં હોય છે. પરિણામે તેમનું જીવન કે કરિયર ખોટા માર્ગે ન વ્યય થાય તેવા આશયથી સતત નાનપણથી જ તેમને ટોકતાં હોય છે.

જેમકે બાળકોને બાળપણથી ખાવા-પીવામાં કરતા નખરાં, સ્કૂલે જવું, ભણવું, વડીલોને આદર આપવો, સાચું બોલવું, ચોરી ન કરવી, આખો દિવસ ટીવી ન જોવું કે મોબાઈલમાં ગેમ ન રમવી, સમયસર બ્રશ, નહાવું વગેરે જેવી નાની નાની વાતોથી લઈને સતત ટોકવામાં આવતાં હોય છે. વારંવાર એકજ વાત કરવી, ઉંચા અવાજે બોલવું, ધમકાવવું એ યોગ્ય નથી. બાળકોને પોતાની વાત જબરજસ્તીથી મનાવડાવવી એ સલાહભર્યું નથી. જો તમે ઈચ્છતા હો કે બાળક તમારી વાત સાંભળે કે માને તો સૌ પ્રથમ તમારે બાળકને સાંભળતા શીખવું પડશે. બાળકોને જાહેરમાં બધાની વચ્ચે બોલવાને બદલે શાંતિથી બાળક જ્યારે એકલું હોય ત્યારે સમજાવો, બાળકને સમજો, તેમની વાત શાંતિપૂર્વક સાંભળો, તેમના કાર્યોમાં રસ લો, તેમની સાથે સ્કૂલની , ખાવા-પીવાની, તેમના મિત્ર વર્તુળની ચર્ચા કરો, બાળકોને સારા – નરસા વચ્ચેનું અંતર બતાવો.

બાળકોને સુટેવો – કુટેવોનાં પાઠ શીખવો, કોઈપણ કાર્ય કરવાથી શું પરિણામ આવી શકે તેની ચર્ચા કરો, બાળક તેમને તેમના વિચાર વ્યક્ત કરવાની સ્વતંત્રતા આપો, તેમને બોલવાની સ્પેસ આપો. હા, મા-બાપ તરીકે આપણી અચૂક ફરજ છે કે આપણે આપણાં બાળકોને ખોટા કે ગેરમાર્ગે જતાં અટકાવવા જોઈએ. પરંતુ જે બાળકો તમારૂં સાંભળશે જ નહિ તો એ શક્ય બનશે ખરૂં ?

પેરન્ટ્સે પણ બાળકો માટે તેમની લાગણી, ચિંતા, પ્રેમ, પરિસ્થિતિ, સમાજની રીઆલીટીથી સમયસર વાકેફ કરવાં જોઈએ. જેમકે, બાળકો ટીનેજમાં પહોંચે ત્યારે તેના કરિયર વિશે, પૈસાનું મહત્વ, જીવનનાં ગોલ, સ્ત્રી સન્માન, સોશયલ ઈશ્યુથી વાકેફ કરવું જોઈએ. આમ કરવાથી બાળક સાથે વધુ શેર કરવાથી તેમનાં વચ્ચેનું અંતર ઘટે છે, કોમ્યુનિકેશન વધશે જેના પરિણામે ગેરસમજ કે એકબીજા માટેનાં મન મોટાવ દૂર થાય છે. પેરન્ટ્સ બાળક વચ્ચેનું બોન્ડિંગ મજબૂત બને છે.

પેરન્ટ્સ બાળકોને અમુક ઉંમર પછી મિત્ર બનીને તેમના સાથે વ્યવહાર કરવો જોઈએ. એટલે કે જવાબદારી કે ઠપકો આપવાની મનાઈ નથી, પરંતુ બાળકોને જ્યારે તમારી જરૂર હોય ત્યારે તેમને સપોર્ટ કરો, તેમની વાતોને હંમેશા શકની નજરે ન જોવો. તેમને શાંતિથી સાંભળો, બાળકોની વાતનું રીસપેક્ટ કરો, ક્યારેય જાહેરમાં તેમની સાથે દૂરવ્યવહાર ન કરો. અભદ્ર ભાષા ન વાપરો, બાળકોને વારંવાર હ્યુમિલિસેટ ન કરો, બીજાની સાથે તમારા બાળકની સરખામણી ન કરો, બાળકોની નબળાઈઓને સતત ન વધે, બાળકોને મોટીવેટ કરો, તેમને હૂંફ આપો.

> **બાળકોની વાતનું રીસપેક્ટ કરો, જાહેરમાં તેમની સાથે દૂરવ્યવહાર કે અભદ્ર ભાષા ન વાપરો, બાળકોને વારંવાર હ્યુમિલિસેટ ન કરો અને ખાસ બીજાની સાથે તમારા બાળકની સરખામણી ક્યારેય ન કરો**

માતા પિતાએ ન ભૂલવું જોઈએ કે આપણે પણ આપણાં પેરેન્ટ્સની વાત ન સાંભળતાં કારણકે જેને ગેપ અથવા ગેરસમજ અથવા કોમ્યુનિકેશનની ગેપ છે. માતા પિતાએ બાળકોને મિત્ર બનીને અને ખૂલા દિલથી જો સાંભળશે કે સમજશે તો બાળકો પણ ચોક્કસ તેમની લાગણીને માન આપશે સમય જતાં માતા પિતાની વાતોને સાંભળવાનો અને સમજવાનો જરૂર પ્રયત્ન કરશે. બાળકોમાં સાયકોલોજીકલ ઈમ્પેકટ પણ થતી જોવા મળે છે. જેમકે, બાળકોને અમુક ઉંમરમાં જો વારંવાર એક જ વાત બોલવાથી, કડક વર્તનથી તેમની લાગણીઓ દુભાવાથી તેમને ઓવોઈડ કરવાથી, બૂમો પાડવાથી કે મારવાથી તેમનાં કેટલાંક બીહેવીયર ચેન્જીસ જોવા મળે છે. મોટા ભાગનાં પેરેન્ટ્સ બાળકોને પોતાની વાત મનાવવા કે સાંભળતું કરવા માટે સતત ટોકતાં, લેક્ચર આપતાં હોય છે. પરિણામ સ્વરૂપે બાળકનાં માનસ પર તેની ઉંડી અસર જોવા મળતી હોય છે. બાળકનો માનસિક વિકાસ તથા સાયકલોજીકલ તેની વિપરીત અસર પડતી જોવા મળતી હોય છે.

જેમકે નાની ઉંમરનાં બાળકોમાં ગુસ્સો કરવો, વસ્તુઓ ફેંકવી, અપશબ્દો બોલવા, રિસાઈ જવું, બૂમો પાડવી, ભાગી જવું, પોતાને રૂમમાં લોક કરી દેવું. પોતાના કે બીજા બાળકનાં વાળ ખેંચવા વગેરે જેવા લક્ષણો જોવા મળે છે. સામાન્ય રીતે બાળકો ઉગ્ર સ્વભાવનાં, હિંસક થઈ જતાં જણાય છે, બાળકો ખોટું બોલતાં, ચોરી કરતાં, અભદ્ર ભાષા વાપરતાં, આળસુ, નેગેટીવ, બીજાનું રીસપેક્ટ ન જાળવવું, માતા પિતાને ખોટું બોલી ગેરમાર્ગે દોરવા જેવા બીહેવીયર ઈશ્યુ બાળકોમાં જણાય છે. સ્કૂલે જતાં બાળકોમાં ઓપોઝીટ ડેરીસીઅન્ટ ડીસ ઓર્ડર એટલે કે ગુસ્સો, નિયમો તોડવા, નખરાં કરવાં વિગેરે જોવા મળે છે. ઘણીવાર તો બાળકોમાં ખરાબ ભાષા, દારૂ, ડ્રગ્સ વગેરેનું સેવન કરવું, ગુનાખોરી પ્રવૃત્તિઓ કરવી તથા કરાવવી વિગેરે જેવા બીહેવીયર ઈશ્યુ જોવા મળે છે. બાળકોમાં લર્નીંગ ડીસએબીલીટી, શોર્ટ ટર્મ મેમરી લોસ, સેટેન્શન ડેફીસીટ ડિસ ઓર્ડર વગેરે જોવાં મળતાં હોય છે. છેવટે બાળકો ગેરમાર્ગે દોરાતાં જાય છે. તેમના પેરેન્ટ્સથી દૂર થતાં જાય છે. તેમને પેરન્ટસની કોઈપણ વાતમાં વિશ્વાસ નથી આવતો.

બાળક જ્યારે માતા પિતાની વાત ન સાંભળે, સમજે ત્યારે માતા પિતાએ વાતને સમજાવવા પોતાની વાત મનાવવવા જે તરીકા કે રસ્તા અપનાવે છે ત્યારે પરિણામરૂપે બાળક પર જે સાયકોલોજીકલ ઈમ્પેકટ ના કરવો. બાળકનાં બિહેવીએરથી લઈને તેના પેરેન્ટ્સ માટેનાં વિચારો કે લાગણીઓ છે તેમાં પણ ખૂબ જ ઉંડી ઈફેકટ થતી જોવા મળે છે. બાળકો તથા માતા પિતા વચ્ચેનું અંતર સતત વધતું જાય છે. બાળકને લાગે છે કે પેરેનટસને તેમના માટે ટાઈમ જ નથી. અથવા તે તેમના પેરેન્ટ્સ માટે એટલા ઈમ્પોર્ટન્ટ નથી. બાળકો એવું ફીલ કરે છે કે માતા પિતા તેમને પ્રેમ જ નથી કરતાં. પરંતુ તે તદ્દન નકારવા જેવી વાત છે. બાળકો અંદરથી એકલતા, પેરેન્ટ્સ માટે નફરત, ધ્રુણા જેવી લાગણી અનુભવે છે. બાળકને સતત એવું લાગ્યા કરે છે. કે માતા પિતા તેમના કામને, જીવનને જ મહત્વ આપે છે. અમે તેમના માટે ગૌણ છીએ. અથવા તો મારા પેરેન્ટ્સ માટે હું તેમનો પ્રિય નથી. આ બાજુ પેરેન્ટ્સ પણ બાળકોને લઈને તથા તેમના વર્તનને લઈને સતત ચિંતામાં જણાય છે. બાળકો સાથે સંબંધો, વાર્તાલાપ કે વિચારો વ્યક્ત કરવાની સ્પેસ જ નથી. આજ કાલનાં બાળકો અમને નથી સમજતાં, અમારા પ્રેમ, લાગણી કે બલિદાનને પણ નહિં. જેનું તેમને ખૂબજ દુઃખ છે. બાળકોનાં આ બીહેવીયર ઈશ્યુ તથા વર્તનને કારણે પણ પેરેન્ટ્સ બાળકોનું બોન્ડીંગ નથી રહ્યું. પાયામાં જોવા જઈએ તો બંને પાસા પર નજર કરીએ તો પેરેન્ટ્સ તથા બાળકોનાં બોન્ડિંગ જ મહત્વનો ભાગ ભજવે છે.

બાળકોને દરેક વયનાં હોય ત્યારે પણ પ્રોપર પ્લાનીગ, હિંમત, ધીરજ સાથે સમજવાનો પ્રયત્ન કરવો. નાની વાતોમાં બાળકોને સંભળાવવું કે નીચા દેખાડવાનું ટાળવું જોઈએ. એકજ વાતને વારંવાર કહેવી કે લેકચર આપવું સલાહભર્યું નથી બાળકોને સજા આપવા કરતાં તેમને સાથે વાત કરી તેને પરિણામથી વાકેફ કરાવવા, નાની વાતો કરવા માટે જાહેરમાં બાળકોને ન ટોકવું, બીજા સાથે સરખામણી ન કરવી, બાળકોને પ્રોત્સાહન પુરૂં પાડવું. બાળકો જ્યારે પુખ્ત વયની થાય ત્યારે તમારી ઈચ્છાઓ, લાગણીઓ તેમની સાથે વ્યક્ત કરવી. તમારી એક્સપેકટેશન શેર કરવી, બાળકોને તેમને ચોઈસ કરવા સ્પેસ આપવી. કોઈપણ વસ્તુની વાસ્તવિકતા, ગંભીરતા, પરિણામની પૂરતી માહિતી આપવી. બાળકોને એ ખાતરી કરાવવી જોઈએ કે તમને તેના પર પૂરતો વિશ્વાસ છે. બાળકની વાતોને હંમેશા શંકા કુશંકાઓથી ન જોવી.

બાળકનાં સાયકોલોજીકલ અને બીહેવીયર ઈમ્પકટને પ્રોપર કાઉન્સેલીંગ, કમ્યુનીકેશન તથા ધીરજથી સુલઝાવવા પ્રયત્ન કરવો. બાળકોને પોઝીટીવ, આનંદભેર, પ્રોત્સાહન પુરૂં પાડે તેવું વાતવરણ પુરૂં પાડો. બાળકોને વારંવાર તેમની નબળાઈઓથી વાકેફ ન કરાવો.

બાળકમાં હિંમત, આત્મવિશ્વાસ જગાડો. બાળક જ્યારે બોલતું હોય ત્યારે તેની વાતો શાંતિપૂર્વક પૂરા ધ્યાનથી સાંભળો, બાળકને તમારી ભાવનાઓ, લાગણીઓથી વાકેફ કરાવો. તમે તમારા બાળકોને સાંભળવાની ધીરજ કેળવો, તો મહદંશે બાળકો પણ માતા પિતાને ચોક્કસ સાંભળવાનો પ્રયત્ન કરશે. યાદ રાખો આપણાં બાળકો ખૂબજ સમજદાર છે. ફકત જરૂર છે તો તેમને એક સામાન્ય રીમાઈન્ડર આપવાની.

ABHINAM CHESS ACADEMY & THE OPEN PAGE
PRESENTS
INTER SCHOOL CHESS TOURNAMENT 2020
₹600/- ENTRY FEE
DATE 25th & 26th JANUARY
23/01/2020 LAST DATE TO PAY THE FEES

| Group | Grade (Standard) | Date | Reporting Time |
|---|---|---|---|
| A | K.G. - 3rd | 25th JAN | 12noon |
| B | 4th Std. - 5th Std. | 25th JAN | 12noon |
| C | 6th Std. - 7th Std. | 26th JAN | 12noon |
| D | 8th Std. - 12th Std. | 26th JAN | 12noon |

-: VENUE :-
TRIPADA INTERNATIONAL SCHOOL
K.K Nagar Road, Near Madhuvrund Water Tank, Madhuvrund Society, Ghatlodia, Ahmedabad, Gujarat 380061. Phone: 079- 27477632
For Registration, Please Contact
Abhinam Chess Academy - 99096 48263 I The Open Page - 95860 22210
ABHINAM CHESS ACADEMY
The Open Page
Inspire Learning

RNI No. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: BhaskerHouse, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad.
All articles have been selected and scrutinized by Sub editor The Open PageThe Open Page: 23, Suryakunj Society, Nr. Nutan School, Prabhat Chowk, Ghatlodia Ahmedabad - 380061 | Ph. No. 079-27621385, 27621386, Mo.No. 9586022210